| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૫/૦૧/૨૦૨૪ ગુરૂવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૯/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી, ૬૯ લીટર દેશી દારૂ, ૯૦૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦૨૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧૧૬ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૨૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૩,૩૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૦/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૧૩૧/૨૦૨૪

**ગુજરાત યુનિવર્સીટીઃ** શુકનભાઇ પ્રકાશભાઇ પ્રજાપતિ (ઉ.વ.૨૦)(રહે.ઇફકો સોસાયટી, પંચવટી એરિયા તા.કલોલ જી.ગાંધીનગર) એ તા.૨૪/૦૧/૨૦૨૪ ના રોજ ગુજરાત યુનીવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૯/૨૦૨૩ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા વિજય ચાર રસ્તા ફોનિક્સ ટાવર ખાતે આવેલ ક્રિષા ઓવરસિઝ બ્રાન્ચના માલીક ભાવેશભાઈ અરવિંદભાઈ ચૌહાણ એ શુકનભાઇ તથા તેમના મિત્ર મનન ને કેનેડાના વર્ક પરમીટ વીઝા અપાવવા સારૂ વિશ્વાસમા લઇ બંને પાસેથી કુલ રૂપિયા ૨૩,૯૨,૮૮૦/- મેળવી લઇ, વર્ક પરમીટ વીઝા નહી અપાવી તેમજ આપેલ રૂપિયા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એમ.ઠાકોર ચલાવે છે.

## વીજ કરંટ લાગતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૧૩૨/૨૦૨૪

**નારોલઃ** લક્ષ્મણભાઇ કાંતિભાઇ ડોડીયા (ઉ.વ.૩૪)(રહે.જનતાનગર રો-હાઉસ શાહવાડી નારોલ) તા.૨૪/૦૧/૨૦૨૪ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે રહેણાંક મકાનમાં ઇલેક્ટ્રીકનુ કામ કરતા હતા ત્યારે ગ્રાઇન્ડર મશીનથી દીવાલમાં જરી પાડતી વખતે ગ્રાઇન્ડર મશીનથી કરંટ લાગતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી આણંદભા આપાભા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૩૩/૨૦૨૪**

**વસ્ત્રાપુરઃ** અમીષાબહેન શીરીષભાઇ ફળીયા(ઉ.વ.૪૭)(રહે.શરણમ ફ્લેટ સેટેલાઇટ) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૧/૨૦૨૪ કલાક ૧૩/૩૯ પહેલા કોઈપણ સમયે વસ્ત્રાપુર વસાહત ના ડી-૧ ટાઇપ “એ” બ્લોકના ૧૩ મા માળે થી નીચે ઝંપલાવી આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેશકુમાર કાયમસિંહ ચલાવે છે.

**વટવાઃ** સુરેશભાઇ કિશનભાઇ દંતાણી (ઉ.વ.૨૫)(રહે.ત્રીજો માળ ત્રીકમપુરા ચાર માળીયા અન્નાપુર્ણા સામે વટવા જી.આઇ.ડી.સી) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૧/૨૦૨૪ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પુનીતનગર રેલ્વે ક્રોસીંગ પાસે થાંભલા નં.૪૮૯/૩૧ ખાતે તેજસ એક્સપ્રેસ ટ્રેઇનની અડફેટે આવી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રણજીતભાઇ વિનાભાઇ ચલાવે છે.

**નારોલઃ** લકી સ/ઓ મનોજકુમાર જૈન (ઉ.વ.૧૭)(રહે.તીર્થ-૦૨ સોસાયટી કર્ણાવતી-૦૪ ની બાજુમા નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૧/૨૦૨૪ ના કલાક ૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.ભટ્ટ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી